અપીલ અરજી નં.૧૩૧ તા.૬–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિશાલસિંહ રાજપૂત

સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિશાલસિંહ રાજપૂતની આઈ ડી. નં.૪૧ તા.૨૧–૫–૦૯ની અરજીથી મહાનગરપાલિકામાં લાગતા કોઈ પણ જગ્યાની આકારણી શાના આધારે કરવામાં આવતી હોય છે? પ્લાન પાસ વિના સોસાયટીમાં આકારણી શાના આધારે કરે છે? આકારણી કરતા સમયે આ સોસાયટીના નકશા તમારી પાસે હોય છે અથવા સોસાયટીના બિલ્ડર પાસે? તમે જમાં કરાવો છો કે કેમ?વોર્ડ નં.૩૬ પરવત ગોદાડરા, ડીંડોલીમાં કેટલા પ્લાન પાસ સોસાયટીની આકારણી કરવામાં આવેલ છે અને કેટલાની બાકી છે એની વિગત અને પ્લાન વિના સોસાયટીના સીઓપી શેના આધારે નકકી કરી છે ની માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૬–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૧/૦૯–૧૦

શ્રી વિશાલસિંહ રાજપૂતનીઆઈ ડી.નં.૪૧ તા.૨૧–૫–૦૯ની અરજીથી મહાનગરપાલિકામાં લાગતા કોઈ પણ જગ્યાની આકારણી શાના આધારે કરવામાં આવતી હોય છે? પ્લાન પાસ વિના સોસાયટીમાં આકારણી શાના આધારે કરે છે? આકારણી કરતા સમયે આ સોસાયટીના નકશા તમારી પાસે હોય છે અથવા સોસાયટીના બિલ્ડર પાસે? તમે જમાં કરાવો છો કે કેમ?વોર્ડ નં.૩૬ પરવત ગોદાડરા, ડીંડોલીમાં કેટલા પ્લાન પાસ સોસાયટીની આકારણી કરવામાં આવેલ છે અને કેટલાની બાકી છે એની વિગત અને પ્લાન વિના સોસાયટીના સીઓપી શેના આધારે નકકી કરી છે તેની માહિતી બાબતે તા.૧ ૦–૬–૦૯ ના પત્રથી જવાબ બરાબર અને પૂર્ણ મળેલ નથી તેવું જણાવી દિન–૨૮ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૬–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ ૫૧૭ તા.૧૮–૭–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન)ને તથા અરજદારે દિન–૨૮ ના વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણાના કારણો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ંન.સા.ઈ.ઝોન/આ.નં.૧૭૭૦ તા.૨૫–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મૂળ અરજી તથા નામફેર ભાડુત ખાલી કરી ગયા અથવા નવા ભાડુત, નવા વધારાના બાંધકામ તથા આકારણી વિરુધ્ધની અરજી બાબતનું ફોર્મની નકલ રજૂ કરેલ છે તથા અરજદારને નં.સા.ઈ.ઝોન/૭૦૦ તા.૧૦–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી આ અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૧–૫–૦૯ ની અરજીથી મહાનગરપાલિકામાં લાગતા કોઈ પણ જગ્યાની આકારણી શાના આધારે કરવામાં આવતી હોય છે? પ્લાન પાસ વિના સોસાયટીમાં આકારણી શાના આધારે કરે છે? આકારણી કરતા સમયે આ સોસાયટીના નકશા તમારી પાસે હોય છે અથવા સોસાયટીના બિલ્ડર પાસે? તમે જમાં કરાવો છો કે કેમ?વોર્ડ નં.૩૬ પરવત ગોદાડરા, ડીંડોલીમાં કેટલા પ્લાન પાસ સોસાયટીની આકારણી કરવામાં આવેલ છે અને કેટલાની બાકી છે એની વિગત અને પ્લાન વિના સોસાયટીના સીઓપી શેના આધારે નકકી કરી છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલી માહિતી અંગે આકારણી બાબતેનું મિલ્કતના નામફેર ભાડુત ખાલી કરી ગયા કે નવા ભાડુત કે નવા વધારાના બાંધકામ બાબત અને આકારણી વિરુધ્ધની અરજી અંગેના ફોર્મમાં રજૂ કરી તેમાં નિર્દિષ્ટ મુદ્દા નં.૧ થી ૧૯ દર્શાવેલ પુરાવાની માહિતીથી સોસાયટીના ઓર્ગેનાઈઝર કે માલિક પાસેથી માહિતી માંગવામાં આવે છે. જે માહિતી આપવામાં આવે છે તેમાં દરેક સમયે લે આઉટપ્લાનની નકલો રજૂ કરવામાં આવતી નથી. આકારણી વિભાગે ઈમારત જગ્યાના લાગુ પાડવા જોગ મિલ્કતવેરા વસુલ કરવા માટે ફકત પ્રથમ કર પાત્ર વ્યકિતનું નામ નકકી કરવાનું રહે છે. જે અન્ય સાંયોગિક પુરાવાના આધારે વેરાવસુલાતના હેતુ માટે નકકી કરી લેવામાં આવે છે. અને તેના આધારે જે જગ્યા અથવા ઈમારતની સ્થળ સ્થિતિ/ઉપયોગનો પ્રકાર, કબ્જો ભોગવટો વિગેરે ધ્યાનમાં લઈઆકારણી કરી વેરા વસુલવામાં આવે છે. સોસાયટીની આકારણી કરતી સમયે જો મંજુર પ્લાન રજૂ કરવામાં આવ્યા હોય તો તે પ્લાનમાં દર્શાવેલ સીઓપીની વિગત ધ્યાનમાં લઈ સીઓપી દાખલ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાનું હદનું વિસ્તરણ થયું ત્યારે પરવત ગોડાદરા, ડીંડોલી, મગોબ વિસ્તાર અગાઉથી ઓર્ગેનાઈઝ કરવામાં આવેલ સોસાયટીઓની સ્થળ તપાસ દરમ્યાન મળેલી માહિતી તેમજ ઓર્ગેનાઈઝરે રજૂ કરેલા લે આઉટ પ્લાન વિગેરેને ધ્યાનમાં સીઓપીની આકારણી ઓર્ગેનાઈઝર/જમીન માલિકને નામે કરવામાં આવે છે. પરવત ગોડાદરા ડીંડોલી મગોબ વિસ્તારમાં આવેલ સોસાયટી પૈકી કઈ સોસાયટીએ પ્લાન રજૂ કરેલ છે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તો તે અંગેની માહિતી આપી શકાય. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. વધુમાં અરજદારે અપીલમાં બરાબર કે પૂર્ણ જવાબ નથી તે અંગે અપીલ તબકકે તા.૧૭–૮–૦૯ ના રોજ પત્ર પાઠવી તક આપવા છતાં તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ ચોકકસ સોસાયટીના પ્લાન રજૂ કરેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તો માહિતી આપવા પણ તૈયારી બતાવવામાં આવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ અરજદારે માંગેલ પ્રકારે માહિતી આપવાથી જાહેર સત્તા મંડળના સ્ત્રોત બદલાય તેવા કિસ્સામાં માંગેલ પ્રકારે નમુનામાં માહિતી પૂરી પાડવી અનિવાર્ય બનતી નથી તેવી પણ જોગવાઈ છે. અરજદારે માંગેલ માહિતીનું વિષય વસ્તુ જોતાં અને તે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ ખાતાકીય આકારણીની કાર્યપધ્ધતિ ધ્યાને લેતાં આ બાબત કલમ–૭(૯) હેઠળ આવી શકે. અરજદારની અપીલ દિન–૨૮ ની વિલંબિત હોવા છતાં કાયદાના હાર્દ અને જોગવાઈ અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જો અરજદાર ઈચ્છુક હોય તો વોર્ડ નં.૩૬ પરવત ગોડાદરા, ડીંડોલી, મગોબ પૈકી ચોકકસ કઈ સોસાયટીએ પ્લાન રજૂ કરેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિશાલસિંહ રાજપૂત,